## સલામી સવારની..



**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*જમીન પર ચાલનારા હવામાં ઝૂલશે !*
*સત્તા અને પદની ભરાશે હવા, ફૂલશે !*
*ડૂબશે આસન કોઈના ને ભમ ભૂલશે !*
*બાંધી મુઠીના ભેદ-ભરમ આજ ખૂલશે !*
*(આજે મત-ગણતરી)*

**હાઈકુ**

*ઈશ્વર પણ,*
*દે આંખ આડા કાન -*
*નેતાની જેમ...*
*(સ્વાર્થમય ભક્તિ)*

*રોડ-શો, રેલી,*
*ભાડુતી મેદની ની -*
*ખૂલશે પોલ...*
*(પોકળ પ્રજા પ્રેમ)*

### ચિંતન

*પાંચ ધાત કા પિંજરા, સો તો અપના નહીં,*
*અપના પિંજરા વહાં બસે, અગમ અગોચર માંહિ*

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચ તત્ત્વનું મનુષ્યનું સ્થૂળ શરીર બનેલું છે. પણ કબીર કહે છે કે કંઈ આપણું નથી. સ્થૂળ શરીર એ આપણાં આત્માનું ઘર છે. એવું મૃત્યુલોકનો માનવી સમજે છે. પણ આપણું ઘર તો અગમ-અગોચર છે. જ્યાં ઈન્દ્રિયો પહોંચી શકતી નથી. એ ઘર ખરું એટલા માટે છે કે ત્યાં કોઈ સાંસારિક માયા-મમતા કે તૃષ્ણા પહોંચી શકતી નથી.

કબીર કહે છે એ દેહરૂપી પિંજરમાં પરમાત્મા આત્મારૂપે વાસ કરે છે.

### સુવિચાર

- તુ મુજસે મેરે ગુનાહોં કા હિસાબ ના માંગ મેરે ખુદા,
  મેરી તકદીર લીખને મેં, કલમ તેરી હી તો ચલી થી - **સુબોધ પંચોલી**
- ખુશીનો જામ પીધો છે, દુ:ખો છો ને હાકલો પાડે,
  અમે બસ ખુશ રહેવાના, બધા અવરોધની આડે - **એસ. ભટ્ટાચાર્ય**
- કોઈ તમને મળવા ચાહે અને તમે મળી ના શકો,
  સમયને એવી આઝાદી કદી ન આપવી - **વર્ગીસ કુરિયન**
- ખભે માથું મુકી અને ખોળામાં માથું છુપાવી રોઈ શકો છો તો સ્વતંત્ર છો - **રિઝવાન ગુજરાતી**
- કાલે તમે બોલ્યા હતા, લો આજે હું બોલ્યો, આવતીકાલે બંને બહેરા હોઈશું - **સંત વર્ગીસ**
- જે ઈતિહાસ નથી જાણતા એ જ ઐતિહાસિકતાની વાતો કરે છે - **ઓશો**
- આજનું ઔષધ : કેરીની ગોટલીનું ચૂર્ણ મધ સાથે લેવાથી હરસ-મસા મટે છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

અકબરે બીરબલને કહ્યું, 'બીરબલ, કોઈ એવો વ્યક્તિ શોધી લાવો, જે બુદ્ધિમાનોનો ય બુદ્ધિમાન હોય.' બીરબલે કહ્યું, 'જહાંપનાહ એક અઠવાડિયું આપો અને થોડું ધન આપો હું આપની પાસે સૌથી બુદ્ધિમાન વ્યક્તિ હાજર કરીશ.' અકબરે કહ્યું, 'બીરબલ, એક સો સોનામહોરો આપું છું અને એક અઠવાડિયું આપું છું.'

બીરબલને એક અઠવાડિયું મળ્યું એટલે ઘરે જઈ આરામ કરવા લાગ્યો, એક સો સોના મહોરો ગરીબોની મદદમાં વાપરી નાખી. સાતમે દિવસે એક બકરી ચરાવતો ભરવાડ શોધી એને નવડાવી ધોવડાવી સ્વચ્છ કપડા પહેરાવી રાજા પાસે ચાલ્યો. રસ્તામાં ભરવાડને શિખવાડી દીધું કે રાજ દરબારમાં જઈને શું કરવું. 'રાજ દરબારમાં જઈ બીરબલે કહ્યું, 'મહારાજ, અતિ બુદ્ધિશાળી વ્યક્તિ આપની સમક્ષ હાજર છે.' બાદશાહે ભરવાડને પૂછ્યું, 'તું કયાં રહે છે, તારા પિતા તને કયા નામથી બોલાવે છે? અને એવી કઈ ખાસ વાત તું જાણે છે?' બીજા ઘણા સવાલ પણ ભરવાડને બીરબલે શીખવાડેલું કે 'ચૂપ રહેવાનું છે.' અંતે બાદશાહે કહ્યું, 'બીરબલ, તું કોને પકડી લાવ્યો છે?' આ માણસ બહેરો મુંગો તો નથી ?

બીરબલે કહ્યું, આજ તો એની બુદ્ધિમતા છે અન્નદાતા! એણે વડીલો પાસેથી સાંભળેલું છે કે રાજા તથા પોતાનાથી વધુ બુદ્ધિમાન માણસ સામે ચૂપ રહેવું, એમાં જ ભલાઈ છે, એટલે એના વડિલોએ કીધેલી વાતો ઉપર એણે અમલ કર્યો છે.' બાદશાહ અકબર બીરબલ પર ખુશ થયા અને ભરવાડને ઈનામ આપી છુટો કર્યો.

# લોકશાહીના વિધવિધ આયામો પ્રગટાવતી વિશિષ્ટ ચૂંટણી

આજની સવાર ઉત્કંઠા સાથે શરૂ થઈ બપોરે નિર્ણાયક માહિતી સાથે સાંજ સુધીમાં 'કોણ મુખ્યમંત્રી'ની ચર્ચામાં વિરમશે. ચૂંટણીના દિવસોમાં મતગણતરી એ છેલ્લો ઉપક્રમ છે. અત્યાર સુધીના આરોહ અવરોહ, ઊહાપોહ અને હાઈવોલ્ટેજ ડ્રામાનો અંત મતગણતરી પૂરી થવાંની સાથે એક ગમે કે ન ગમે છતાં સ્વીકારવી પડે એવી નિયતિ સ્વરુપે આવશે. બેઉ પ્રતિસ્પર્ધી રાજકીય પક્ષો મોટી આશા લઈને પ્રજા સમક્ષ આવ્યા, પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી પ્રજાને પોતાની વાત મનાવવા મથ્યા અને એમ કરતાં એ બેઉ કયારેક પ્રજાની નજરે અપેક્ષિત ધોરણોથી ખૂબ નીચા ઊતરતા પણ વરતાયા. સવિશેષ આ ચૂંટણી ગુજરાતની ન રહેતાં મોદી અને રાહુલ ગાંધી વચ્ચેના વિશિષ્ટ દ્વંદ્વયુદ્ધ સમાન બની રહી. રાહુલ ગાંધી છેલ્લાં ઘણાં વર્ષોથી રાજકારણમાં છબછબિયાં કરતા રહ્યા છે પરંતુ આ ચૂંટણી એમના અસલ સ્વરુપને ઉજાગર કરવામાં અને એમને એક ઉચ્ચાભિલાષી ગંભીર નેતા તરીકે પ્રસ્થાપિત કરવામાં સીમા ચિહ્ન રૂપ સાબિત થઈ છે. કદાચ ધાર્યું પરિણામ ન મેળવી શકે તો પણ કોંગ્રેસ એની અંતર્નિહિત તાકાત સાથે બેઠી થઈ ગઈ છે, એમાં બે મત નથી. એ દૃષ્ટિએ આ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને એમના અભિન્ન સાથી અમિત શાહ સામે મોટો પડકાર છે. કોંગ્રેસ મુક્ત ભારત કે કોંગ્રેસમુક્ત ગુજરાતનું એમનું સપનું રોળાઈ ગયું છે અને આજે નહીં તો કાલે આ જ રાહુલ ગાંધી દિલ્હીના મયૂરાસન પર દાવો કરી શકે છે. ગુજરાતમાં પણ નેતૃત્વની એક નવી જાતની કટોકટી સરજાઈ છે જેમાં પોતાને યુવાનોના પક્ષ તરીકે ઓળખાવતા ભાજપ પાસે કોઈ એવી યુવા પ્રતિભા નથી, જેના બળ પર પાર્ટી ગુજરાતમાં કાઠું કાઢી શકે. એને નરેન્દ્ર મોદીના ખભે બંધૂક મૂકીને જ મેદાનમાં ઊતરવું પડે તે સ્થિતિ એના ભવિષ્ય માટે સારો સંકેત ન જ ગણી શકાય. સામા પક્ષે કોંગ્રેસના પ્રાદેશિક નતાઓને કટ ટુ સાઈઝ કરી દઈ રાહુલ ગાંધીએ પણ મોદી બ્રાન્ડ રાજનીતિ અપનાવી તે કોંગ્રેસ માટે એના કુદરતી વિકાસને અવરોધનારી બાબત છે. કોંગ્રેસને એની ખરી તાકાત સાથે ખીલવા દેવાની જરૂર છે. એની આ તાકાત ગામે ગામા અને

**તંત્રીસ્થાનેથી...**

ગલીએ ગલીએ વિખરાયેલી પડી છે. રાહુલ ગાંધીએ એને ફક્ત સંકોરવાની જ જરૂર છે. સવિશેષ પેલા ગરીબ, વંચિત, સર્વહારા સમુદાયને ફરી એક વાર સધિયારો આપવાની જરૂર છે કે તમારી ચિંતા કરનારા લોકો તમારી પડખે ઊભા છે. અલબત્ત, દિલ્હી બ્રાન્ડ પોલિટિક્સ અને અવકાશી નેતૃત્વ પ્રત્યે આમ જનતામાં એક ઊંડો અણગમો સ્થાયી થયો છે, જેનો ઈલાજ કદાચ દિલ્હી પહોંચી ગયેલા નેતાઓ પાસે નથી. આ મુદ્દો પકડીને ગુજરાતના વરિષ્ઠ નેતા શંકરસિંહ વાઘેલાએ 'જનવિકલ્પ'નો વિચાર વહેતો મૂક્યો હતો. આવો જનવિકલ્પ સ્વયંભૂ પ્રગટે અને કાળક્રમે દિલ્હી બ્રાન્ડ હાઈ પ્રોફાઈલ નેતાઓને પડકાર આપી શકે તેમાં લોકશાહીનું હાર્દ છુપાયેલું છે. જો કે આજના વૈભવી અને નાણાંની રેલંછેલવાળા રાજકારણમાં આવા સ્થાનિક 'લોકકારણ' માટે કેટલો અવકાશ હોઈ શકે તે પ્રશ્ન તો રહેશે જ. પરંતુ બિહારમાં કે ઉત્તરપ્રદેશમાં અને દક્ષિણ ભારતના - તેલંગાણા કે પશ્ચિમ બંગાળ જેવાં રાજયોમાં મૂળો તો આવું લોકકારણ જ પ્રગટ્યું હતું જે કાળક્રમે રાષ્ટ્રીય રાજકારણથી અભડાઈ ચૂક્યું છે. નહીંતર લાલુપ્રસાદ યાદવ કે મુલાયમસિંહ યાદવ અથવા એનટી રામારાવ, ચંદ્રશેખર રાવ કે મમતા બેનરજી જેવા લોકનેતાઓનો ઉદય તો લોકશાહીની જ આલબેલ પોકારતો લાગે. ગુજરાતમાં નવા નેતૃત્વનાં મંડાણ આંદોલનોના સૂત્રધાર યુવા નેતાઓમાં દૃષ્ટિગોચર થાય છે. પાટીદાર અનામતના પ્રશ્ને ઊપસી આવેલા હાર્દિક પટેલે ઘણું ગજું કાઢ્યું છે પણ અલ્પેશ અને જિજ્ઞેશ મહત્ત્વાકાંક્ષાથી પ્રેરાઈને વેડફાઈ ગયા છે. જો આ ત્રિપુટી એક સાથે એક જુદા જ મંચ પર સ્થિર થઈ હોત તો ગુજરાતની આ ચૂંટણીએ એક ત્રીજો વિકલ્પ આપવાની દિશામાં પણ દેશને દોરવણી આપી હોત. શંકરસિંહ વાઘેલાનું 'બાપુ સરકાર' રચવાનું સપનું ભલે રોળાઈ ગયું હોય પણ ગુજરાતમાં ત્રીજા વિકલ્પની શક્યતાઓ એમને આપેલો અણસારો આવનારા દિવસોમાં લોકશાહીનો નવો અધ્યાય રચી શકે છે.

# સગીર યુવક પુખ્તના થાય ત્યાં સુધી યુવતી લીવ એન્ડ રીલેશનમાં રહી

પ્રેમને નાત, જાત, રંગ ભેદ, ધર્મ કે ઉંમરનો બાધ્ય નડતો નથી અને તે નિતાંત નિર્દોષ હોય છે. પ્રેમની આ વ્યાખ્યા જીંવત કરતી ઘટના તાજેતરમાં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં બની.

૨૦ વર્ષની મુસ્લીમ યુવતીને ૧૮ વર્ષના હિન્દુ યુવક સાથે પ્રેમ થઈ ગયો. રૂબીના તથા યુવક અનિલ પ્રેમને લગ્નું સ્વરૂપ આપી સાથે જીવવા મરવાના કોલ આપી ભાગી જતા રૂબીનાની માતાએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં હેલીયર્સ કોપર્સની અરજી કરી પોતાની પુત્રીને પરત મેળવવા માટે અરજ ગુજારતા આખો મામલો અદાલતના ધ્યાને આવ્યો.

સ્વાભાવિક રીતે જ અલગ ધર્મના યુવક યુવતીનો પ્રેમ તેમના કુટુંબને સ્વીકાર્ય ના જ હોય આ તબક્કે નામદાર હાઈકોર્ટમાં પોલીસ દ્વારા યુવક યુવતીને રજુ કરતા યુવતીના માતા તથા નામદાર હાઈકોર્ટના સમજાવવાનો પુરતો પ્રયત્ન કરેલ પરંતુ પ્રેમનો રંગ એકબીજા ઉપર પાક્કો ચઢી ગયેલ હોય અલગ રહેવા માટે સમંત ના થતા જયાં સુધી યુવક પુખ્ત ના થાય ત્યાં સુધી યુવતી લીવ એન્ડ રીલેશનમાં અનિલની સાથે જ રહેવા માંગતી હોય હાઈકોર્ટે યુવતી સગીર હોય તેનો નિર્ણય આખરી ગણી યુવક સાથે રહેવાની સમંતી આપવી પડી.

રૂબીનાએ નામદાર હાઈકોર્ટની ખંડપીઠના જજીસ સાથે ચેમ્બરમાં એકટ્ટલા વાત કરતા જણાવ્યું કે અનિલ અને પોતે એક જ સ્કુલમાં ભણતા હોય આઠ વર્ષથી એકબીજાના ગળાડુબ પ્રેમમાં છે. આ પ્રેમ કુદરતી લાગણીના સબંધે બંધાયેલ છે. જેમાં કોઈ જ નાત, જાત, ધર્મ ભેદ કે રંગ ભેદ વચ્ચે આવતો નથી. આ વાતની જાણ બન્ને કુટુંબને થતા રૂબીનાના કુટુંબીજનો રૂબીનાને બળજબરીથી અન્ય યુવક સાથે પરણાવવા માંગતા હોય રૂબીના અને અનિલ ૩૦ ઓગષ્ટે ઘરેથી કોઈને જણાવ્યા વગર ભાગી ગયેલા.

રૂબીનાની માતાએ પોલીસમાં ફરીયાદ આપતા જણાવ્યું કે અનિલના ભાઈએ ફોન દ્વારા તેમને ધાક, ધમકી આપી રૂબીનાને અન્યત્ર વેચી મારશું જો તમો પાંચ લાખ મને નહિ આપો તો. પોલીસ તપાસમાં પાંચ લાખ માંગવાની અને યુવતીને અન્યત્ર વેચી મારવાની ધમકી ખોટી સાબીત થયેલ પરંતુ પોલીસ આ દરમ્યાન યુવક યુવતીને શોધી ના શકતા આખરે યુવતીની માતાએ નામદાર અદાલતમાં હેલીયર્સ કોપર્સની અરજીનો સહારો લેતા નામદાર હાઈકોર્ટે પોલીસને યુવક યુવતીને નામદાર કોર્ટમાં રજુ કરવા આદેશ કરેલ.

યુવક યુવતીએ નામદાર કોર્ટમાં પોલીસે હાજર કરતા ઘણી સમજાવટના અંતે પણ યુવતી ટસની મસના થતા યુવકે જણાવેલ કે તે સગીર છે પરંતુ યુવતીને લીવ એન્ડ રીલેશનમાં રાખી શકવા સક્ષમ છે. નાનું મોટું કામ કરી ગુજરાન ચલાવશું પરંતુ રૂબીનાની સાથે જ રહીશ તે રૂબીનાને ખુબ જ પ્રેમ કરે છે તેથી તેને કયારેય છોડશે નહિ અને સંભાળીને રાખશે.



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

રૂબીનાએ નામદાર કોર્ટને જણાવ્યું કે તેણે મંદિરમાં અનિલ જોડે માળા બદલી લગ્ન કરેલા છે અને અનિલ પુખ્ત વયનો થશે ત્યારે કાયદેસર રીતે ધાર્મીક વિધિથી લગ્નગ્રંથીથી જોડાઈશું.

આ કેસમાં બન્ને પક્ષકારો તથા યુવતીની માતાને સાંભળી નામદાર કોર્ટે યુવતીની માતાની અરજી રદ કરતા જણાવ્યું કે યુવકના માતા પિતાને તથા ભાઈને પક્ષકાર બનાવેલ હોય જે તમામને સાંભળેલ છે યુવક યુવતીના કુટુંબીજનો સાથે વાતચિત કરેલ છે પરંતુ યુવક યુવતી બન્ને સાથે રહેવા મક્કમ છે.

અરજીમાં અપહરણ, ધાક, ધમકી અને ખંડણીના આક્ષેતો થયેલા છે તેના કોઈ જ પુરાવા અરજદારે નામદાર કોર્ટમાં રજુ કરેલ નથી તેમજ પોલીસ તપાસમાં પણ આવા પુરાવા સામે આવ્યા નથી. અરજદારે માત્ર નામદાર કોર્ટની સહાનુભૂતિ મેળવવા તથા કેસને ગંભીર

અનુસંધાન પાના નં. ૫ પર

# જીવનનું ખરું ઘડતર એક યોગ્ય ગુરુ જ કરી શકે



'ઉત્તમ કલા તે છે જેમાં માનવીનાં હાથ, મસ્તક ને હૈયાનો સમન્વય થયો હોય.'

આજના આ 'રેટ-રેસ'ના યુગમાં ગળાકાપ સ્પર્ધા ચાલી રહી છે. નાનપણથી જ બાળકને ભણવા ઉપરાંત સ્વિમિંગ, ડાન્સિંગ, મ્યુઝિક અને એવી કેટકેટલી વસ્તુઓ શીખવવા મા-બાપ મોંઘાદાટ કલાસિસમાં બાળકને મોકલી દે છે. કેટલાક બાળકોને આ પ્રકારની પ્રવૃત્તિઓમાં આનંદ આવતો હોય છે જયારે કેટલાક મા-બાપના ભયથી પરાણે તે તરફ ઘસડાયા કરે છે. કોઈ પણ પ્રકારની 'કલા' જીવનને ભારે ભરખમ અને બોરીંગ થતું અટકાવે છે અને જયારે એ કલા શીખતા શીખતા કોઈ સમર્પિત ગુરુનો હાથ અને સાથ મળી જાય ને તો એ કલા ઈશ્વર સાથેનો સીધો સંવાદ પણ બની શકે છે. આપણા શાસ્ત્રોમાં માતા, પિતા બાદ તુરંત જ ગુરુનું સ્થાન એટલા માટે જ મહત્ત્વનું ગણાયું છે કે ગુરુ એ જીવનને જાણવાની અને માણવાની દિશા સૂચવી જાય છે. જીવનનું ખરું ઘડતર એક યોગ્ય ગુરુ જ કરી શકે. અને ઘડતરનું મહત્ત્વ સમજાવતાં નવલભાઈ શાહ કહે છે કે,

'લોખંડનો એક ટુકડો વેચો તો તેનો એક રૂપિયો ઊપજે. તેમાંથી ઘોડાની નાળ બનાવીને વેચો તો અઢી રૂપિયા ઊપજે. તેમાંથી બધી સોય બનાવી નાખો તો ૬૦૦ રૂ. ઊપજે. અને નાળ કે સોયને બદલે ઘડિયાળની ઝીણી ઝીણી કમાન બનાવી નાખો તો ૫૦,૦૦૦ રૂ. ઊપજે. લોખંડ તો એનું એ અને એટલું જ છે. પણ તેનું ઘડતર કરો તેવું તેનું મૂલ્ય.

માણસ વિશે પણ એવું જ છે.'

આજકાલનું શિક્ષણ અને પ્રોફેશનલ શિક્ષકો કદાચ વિદ્યાર્થીની યોગ્ય કારકિર્દી ઘડવામાં મદદરૂપ થઈ શકે. પણ કલાક્ષેત્ર સાથે સંકળાયેલા ગુરુજી અર્થોપાર્જન સાથે ઈશ્વર સાથેનું તાદાત્મય સાધવાનો માર્ગ પણ ચીંધી જતા હોય છે અને આવા જ એક કલાગુરુ એટલે ભાવનગરના ગૌરવ સમા આદરણીય કલાગુરુ ધરમશીભાઈ શાહ. તા. ૧૦મી ડિસેમ્બરે જયારે આ કલાગુરુનો મૃતદેહ અંતિમ દર્શન માટે મુકવામાં આવ્યો ત્યારે તેમના વિદ્યાર્થીઓએ મૃત્યુને મહોત્સવ બનાવી જાણનારા આ વિરલ આત્માને નૃત્યાંજલિ અર્પણ કરી. આંખોમાં અશ્રુની ધાર, ભારે હૈયું અને છતાં તાલના ઠપકારે નૃત્યના સ્ટેપ કરીને પોતાના ગુરુને શ્રદ્ધાંજલિ-નૃત્યાંજલિ અર્પવાનો એક સાવ અનોખો માહોલ સર્જાયો. ૯૮ વર્ષની વયે ચિરનિદ્રામાં પોઢી જનારા આ કલાગુરુએ જયારે શાસ્ત્રીય નૃત્યની તાલીમ લેવાની શરૂઆત કરી હશે ત્યારે આપણા સમાજમાં એક પુરુષનું નૃત્ય કરવું અજુગતું ગણાતું પણ આજે એમની અંતિમયાત્રાના દર્શન કરનાર દરેક વ્યક્તિ મનમાં વિચારતી હશે કે આજે સાચે જ જીવનમાં તમે તમારી મરજી અને લગનપૂર્વક જે કાંઈ પણ કરવા ઈચ્છો તે પૂરા ખંતથી કરવામાં આવે તો આ પ્રકારનો મુકામ હાંસલ કરી શકાય.

આજના આ યુગમાં માનસિક તણાવ અને સ્ટ્રેસ જયારે દરેક માટે એક ચિંતાનો વિષય બન્યા છે ત્યારે શાસ્ત્રીય સંગીત, શાસ્ત્રીય નૃત્ય આ એક પદ્ધતિસરનું એ પ્રકારનું શિક્ષણ છે જે તમને આત્મનિર્ભર, આત્મવિશ્વાસથી ભરપૂર અને જિંદગીના દરેક પ્રશ્ન સામે લડતા શીખવે છે. જીવનના દરેક તબક્કે અવનવી સમસ્યાઓ આપણને દરેકને સતાવતી હોય છે પણ છતાં જયારે આવા કોઈ ગુરુજીનો સાથ મળે ત્યારે જીવન આસાન લાગવા માંડે છે.

ભાવનગરમાં સતત સાત દસકાથી નૃત્યની ધૂણી ધખાવીને બેઠેલા આ કલાગુરુ ધરમશીભાઈ શાહ દેશના સૌથી વધુ ઉંમરલાયક સક્રિય નૃત્યગુરુ તરીકે લિમ્કા બુક્સ ઑફ રેકોર્ડમાં પણ પોતાનું નામ નોંધાવી ચૂક્યા છે. માત્ર ભાવનગરમાં જ નહિ પરંતુ દેશ-વિદેશમાં કથ્થક નૃત્ય ક્ષેત્રે ડંકો વગાડનારા આ કલાગુરુએ પોતાના અંતિમ શ્વાસ સુધી કલાધર્મ નિભાવી જાણ્યો. તેમના મૃત્યુ બાદ પણ તેમના વિદ્યાર્થીઓના કથ્થકના દરેક તાલમાં તેઓ સદીઓ સુધી જીવંત રીતે ધબકતાં જ રહેશે. તેઓ ભાવનગરમાં તેમજ દુનિયાના ખૂણે-ખૂણામાં વસતા તેમના તમામ શિષ્યોના નૃત્યમાં સદા પ્રજજવલિત ચેતનાની જયોત બનીને અખંડ ઝળહળતા રહેશે.



**WhatsApp ઑફ ધી વીક**

નેહલ ગઢવી

કથ્થકના લયબદ્ધ તોડા સમું જ તાદાત્મ્ય આપણા મહા મહોપાધ્યાય કલાગુરુના જીવનમાં પણ સધાયું અને તેમને ઝવેરબહેન સમા સંગીતના જાણકાર ધર્મપત્ની મળ્યા. સુર અને તાલના આ સુંદર સાયુજ્યથી તેમનું દાંપત્યજીવન સદાય મહેકતું રહ્યું. સ્ટેજ શૉ અને દેશ-વિદેશમાં પર્ફોર્મ કરીને આજે નૃત્ય કરીને અઢળક કમાણી કરતા લોકોના આજના આ સમયમાં આ કલાગુરુએ તેમની સાધના અને સિદ્ધિથી એક એવું સ્થાન પ્રાપ્ત કર્યું છે કે જે વર્ષોપર્યંત આપણા સૌના માટે એક જ્વલંત ઉદાહરણ સમું બની રહેશે. હા, અલબત્ત, સાત વર્ષથી સિત્તેર વર્ષની વયની વિવિધ શિષ્યાઓએ અને વિદ્યાર્થીઓએ આજે ચોક્કસપણે અનાથ બની ગયા હોવાનો ઊંડો આંચકો અનુભવ્યો હશે પણ તેમના કથ્થકના તોડામાં તેમના ગુરુદેવ સદાય જીવંત રહેશે. ભારતના કલાવારસાનું એક શિરમોર પીંછું આજે ખરી પડ્યું છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં ગુરુભક્તિ એ એક અત્યંત મધુર એવું કાવ્ય છે. ગુરુ પોતાનું સર્વ જ્ઞાન શિષ્યને આપી દે છે. રામકૃષ્ણ પરમહંસે એક દિવસ વિવેકાનંદને કહ્યું, : 'આજે હું તને મારું સર્વસ્વ આપી દઉં છું. મારી સર્વ સાધના હું તારામાં ઠાલવી દઉં છું.' એ ક્ષણ કેટલી દિવ્ય હશે ! પોતે મેળવેલું સર્વ કાંઈ શિષ્યને અર્પણ કરી દઈને જ ગુરુ અમર બને છે. કલાગુરુ એવા આ મહાન આત્માને સો સો સલામ અને કોટિ કોટિ વંદન.

**Last Seen**

અરીસાનો ઉપયોગ તમારું મુખ જોવા માટે કરવો અને કલાનો ઉપયોગ તમારી આત્માને નિહાળવા માટે કરવો !

- nehalgadhavi101@gmail.com

# ચૂંટણીઓમાં તો ભલભલાનો ગરબો ઘેર આવ્યો છે

કોઈપણ ચૂંટણી આવે ત્યારે એનાં પરિણામો વિશે ભવિષ્યવાણીઓ થતી હોય. કેટલીક સાચી પડે તો કેટલીક ખોટી પડતી હોય છે. ભારતની પ્રજાને જ્યોતિષમાં એટલી બધી શ્રદ્ધા હોય છે કે આખા વર્ષ દરમિયાન જે જ્યોતિષીની તમામ ભવિષ્યવાણીઓ ખોટી પડી હોય; એની સામે પણ તક મળ્યે હાથ લાંબો કરીને પોતાના ભવિષ્ય વિશે બે સારા શબ્દો સાંભળવાની લાલચ ભાગ્યેજ કોઈ ખાળી શકે છે. રાજકીય વાતાવરણ એકદમ ગરમાટાવાળું હોય ત્યારે પણ કોને કેટલી બેઠકો મળશે એની આગાહીઓ

- જૂનાગઢ ભારતને અપાવનાર શામળદાસ ગાંધી ૧૯૫૨ની ચૂંટણીમાં તો સાવ ભૂંડા હાલે હાર્યા હતા
- મોરારજી દેસાઈએ વલસાડમાં નવલોહિયા સમાજવાદી ડૉ.અમૂલ દેસાઈ સામે હાર્યા પછી બોધપાઠ લીધો
- જનાક્રોશનો ભોગ બનેલા ચીમનભાઈ પટેલ હાર્યા હતા,પણ વિરોધીઓની સરકાર બનાવવામાં નિર્ણાયક
- જે માધવસિંહ સોલંકીએ કોંગ્રેસને વિક્રમી બહુમતી અપાવી એમણે જ પક્ષને પાંચ વર્ષ પછી સાવ ડૂબાડ્યો

કરવાની લાલચ ભાગ્યેચ કોઈ ટાળી શકે છે.

જૂનાગઢ રાજ્યને ૧૯૪૭માં પાકિસ્તાન સાથે જોડવાના નવાબ મહાબતખાન ત્રીજાના નિર્ણય સામે વિરોધ કરીને જૂનાગઢની પ્રજા થકી મુક્તિ ચળવળ માટે સ્થપાયેલી આરઝી હકૂમતને બંધારણીય સ્વરૂપ આપવા માટે જે પ્રધાનમંડળ રચાયું એના વડા પ્રધાન હતા શામળદાસ ગાંધી.એ મૂળ કુતિયાણાના બારખલીદાર અને ગાંધીજીના ભત્રીજા. મુંબઈના "વંદે માતરમ" અખબારના તંત્રી પણ ખરા. જૂનાગઢને ૯ નવેમ્બર ૧૯૪૭ના રોજ ભારતમાં જોડવા માટે આરઝી હકૂમતના યોગદાનને બિરદાવવું પડે. ૧ જૂન ૧૯૪૮થી જૂનાગઢના વહીવટદાર શિવેશ્વરકરને મદદ કરવા માટે ત્રણ સભ્યોની જે કાઉન્સિલ, વહીવટદારના પ્રમુખપદે, રચાઈ એમાં શામળદાસ ગૃહ, વાણિજ્ય અને ઉદ્યોગ,નાણાં,અનાજ અને નાગરિક પુરવઠા ખાતાના પ્રધાન હતા.જૂનાગઢ રાજ્યને સંયુક્ત સૌરાષ્ટ્ર રાજ્ય સાથે જોડવામાં આવ્યું ત્યારે શામળદાસ ગાંધીને મુખ્ય મંત્રી ઉછરંગરાય ઢેબરના પ્રધાનમંડળમાં મહેસૂલ પ્રધાન બનાવાયા.જોકે એકજ વર્ષમાં મુખ્ય મંત્રી સાથે મતભેદને કારણે ગાંધીએ ૧૯ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ રાજીનામું આપ્યું.બે વર્ષ પછી ૧૯૫૨ની ધારાસભાની ચૂંટણી યોજાઈ ત્યારે શામળદાસે કોંગ્રેસના ઉમેદવારો સામે એક બેઠક પરથી નહીં,પણ પોરબંદર અને જૂનાગઢ એમ બબ્બે બેઠક પર ઉમેદવારી કરી.પોતે તો જીતવાના જ છે એવા વહેમમાં રહીને પોતાનો પ્રચાર કરવાને બદલે તેઓ ઉપલેટામાં ઢેબરને હરાવવા મચી પડ્યા.પરિણામ આવ્યું ત્યારે મુખ્યમંત્રી તો જીત્યા,પણ જૂનાગઢ રાજ્ય ભારતને અપાવનાર ગાંધી બંને બેઠકો પર ભૂંડા હાલે હાર્યા હતા !

મુખ્ય મંત્રીઓ પરાજિત થવાની પરંપરા પણ આપણે ત્યાં રહી જ છે.ભૂતકાળમાં મુંબઈ રાજ્યના ગૃહ મંત્રી અને મુખ્ય મંત્રી રહેલા મોરારજી દેસાઈ અને ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રીઓ ચીમનભાઈ પટેલ અને દિલીપ પરીખ સાવ નવલોહિયાઓ અનુક્રમે ડૉ.અમૂલ દેસાઈ અને ભરત પંડ્યાના હાથે હાર્યા છે. મોરારજીને વતન પ્રદેશ વલસાડમાંથી સમાજવાદી યુવાન ડૉ.અમૂલ દેસાઈએ હરાવ્યા પછી એમને સ્મશાનવૈરાગ્ય આવ્યો. જોકે એ પછી એ ગૃહ મંત્રીમાંથી મુખ્ય મંત્રી બન્યા એટલું જ નહીં,એમને હરાવનાર ડૉ.અમૂલ પાછા ચીમનભાઈની કોંગ્રેસ સરકારમાં નાણાં મંત્રી પણ બની શક્યા હતા ! પ્રખર ગાંધીવાદી એવા મોરારજીભાઈ નેહરુ સરકારમાં મંત્રી હતા અને વડા પ્રધાન થવા ઉત્સુક રહ્યા,પણ પહેલીવાર નેહરુના નિષ્ઠાવંત લાલબહાદૂર શાસ્ત્રી અને બીજી વાર નેહરુ-પુત્રી ઈન્દિરા ગાંધીએ એમની એ મહત્વાકાંક્ષામાં ફાચર મારી હતી. ઈન્દિરા ગાંધીની સરકારમાં નાયબ વડા પ્રધાન રહેલા અને મતભેદને કારણે છૂટા થયેલા મોરારજીભાઈ છેક ૧૯૭૭માં જનતા પાર્ટીની સરકારના વડા પ્રધાન બની શક્યા હતા. .ચીમનભાઈ ધારાસભામાં હાર્યા પછી પણ પોતાના રાજકીય શત્રુઓને સત્તામાં બેસાડવાનું નિમિત્ત બનવા ઉપરાંત ફરીને મુખ્ય મંત્રી બન્યા એટલું જ નહીં એ મુખ્ય મંત્રીના હોદ્દે જ મૃત્યુને ભેટવા જેટલા ભાગ્યશાળી પણ હતા.



**અતિતની આજ**

ડૉ. હરિ દેસાઈ

ગુજરાતના રાજકારણમાં કાયમ સૂબા ચાલ્યા છે.પહેલાં ગાંધીજીનો પડ્યો બોલ ઝીલાતો.પછી સરદાર પટેલનું ચલણ આવ્યું.એ પછી મોરારજીનું ચલણ ચાલ્યું.ક્યારેક માધવસિંહ અને અહેમદ પટેલનું ચલણ રહ્યું.આજે નરેન્દ્ર મોદીનું છે.૧૯૭૩-૭૪ના નવનિર્માણ આંદોલનને પગલે કોંગ્રેસના મુખ્ય મંત્રી ચીમનભાઈ પટેલ માટે ઘેર જવાનો વખત આવ્યો.''ચીમન ચોર''ની ગાજવીજ ખૂબ થઈ.મોરારજીના ઉપવાસે વિધાનસભાના વિસર્જનને પગલે ૧૯૭૫ની ચૂંટણી માટેનો માર્ગ મોકળો કર્યો. એ જ ગાળામાં મોરારજીએ એ જ "ચીમન ચોર" સાથે વડા પ્રધાન બનવા માટેની યોજનાના ભાગરૂપે મંત્રણાઓ આરંભી દીધી હતી.ચીમનભાઈએ કોંગ્રેસથી અલગ થઈને કિસાન મજદૂર લોક પક્ષ(કિમલોપ) સ્થાપ્યો હતો.ચીમનભાઈ પોતે આ ચૂંટણીમાં હાર્યા.મોરારજીના વડપણ હેઠળના જનતા મોરચામાં "ચીમન ચોર'' કહેનારા સંસ્થા કોંગ્રેસ,ભારતીય લોક દળ, જનસંઘ સહિતના વિપક્ષીઓ ભેગા થયા હતા.૧૮૨ સભ્યોની વિધાનસભામાં સૌથી મોટા પક્ષ તરીકે તો માધવસિંહની ઈન્દિરા કોંગ્રેસ ૭૫ બેઠકો સાથે આવી તો ખરી પણ જનતા મોરચાના ઘટકોના સભ્યો ૮૬ થયા.બહુમતી માટે એણે કિમલોપના ૧૨ સભ્યો સાથે હાથ મિલાવ્યો ! મોરારજીના કહ્યાગરા બાબુભાઈ જશભાઈ પટેલ મુખ્ય મંત્રી થયા.જોકે બાબુભાઇને પાડી દેવા માટેની પહેલ આ વેળા બે જનસંઘી સભ્યોએ જ કરી: વસનજી ઠકરાર (પોરબંદર) અને પી.સી.પટેલ(અમદાવાદ).માધવસિંહ અને બાબુભાઈની સરકારો પછી ૧૯૮૦માં માધવસિંહ સરકાર બહુમતી સાથે ચૂંટાઈ. બાબુભાઈની સરકારના અનામત અંગેના નિર્ણયની સામે ૧૯૮૧માં અનામત આંદોલન થયું.માધવસિંહ સોલંકીની સરકાર ૧૯૮૫માં ઝીણાભાઈ દરજીની ખામ(ક્ષત્રિય, હરિજન, આદિવાસી અને મુસ્લિમ) થિયરીના પ્રતાપે ૧૮૨માંથી ૧૪૯ બેઠકો સાથે ફરી સત્તામાં આવી તો ખરી,પણ અનામત વિરોધી આંદોલન અને કોમી રમખાણોને પગલે ચાર જ મહિનામાં માધવસિંહ સરકાર ડૂલ થઈ.વિક્રમી બહુમતી લાવનાર મુખ્ય મંત્રીની સરકાર ઘેર ગઈ અને રાજયમાં પ્રથમ આદિવાસી મુખ્ય મંત્રી તરીકે અમરસિંહ ચૌધરી આરૂઢ થયા.૧૯૯૦ની વિધાનસભાની ચૂંટણી એ જીતાડી નહીં શકે એવું લાગતાં કોંગ્રેસના મોવડીમંડળે ફરી માધવસિંહને

અનુસંધાન પાના નં. ૫ પર